બિહારમાં ભાજપે રણશિંગુ ફુંકયું

વિધાનસભા ચુંટણી માટે આક્રમક ચુંટણી પ્રચાર : રાજકીય ગરમી જામી

પટના, તા. ૧૪

બિહારમાં વિધાનસભાની ચુંટણી આ વર્ષમાં જ યોજાનાર છે ત્યારે શાનદાર જીત મેળવવાના હેતુસર ભાજપે તમામ તૈયારીઓ કરી લીધી છે. આના ભાગરૂપે હવે પ્રચારની શરૂઆત પણ કરી દેવામાં આવી છે. ભારતીય બંધારણના ઘડવૈયા અને દલિત આઈકન બીઆર આંબેડકરની જન્મજયંતિના દિવસે ભાજપે આજે મેગા શો યોજીને પોતાની તાકત દર્શાવી હતી. આની સાથે જ બિહારના રાજકારણમાં જોરદાર ગરમી આવી ગઈ છે. બિહાર વિધાનસભાની ચુંટણી માટે તમામ રાજકીય પક્ષો કમરકસી ચુકયા છે. આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિના દિવસે ભાજપે મેગા શો યોજીને સત્તામાં જોરદાર રીતે વાપસી કરવાની જાહેરાત કરી દીધી હતી. ભાજપ પ્રમુખ અમિત શાહ અને કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે દાવો કર્યો હતો કે, બિહારમાં તેમની પાર્ટી આગામી સરકારની રચના કરશે. વિધાનસભાની ચુંટણી માટે પ્રચારના શ્રીગણેશ કરતા શાહે કહ્યું હતું કે, બિહારમાં ભાજપ સરકારની રચના કરનાર છે. પટણામાં પાર્ટીના બુથ લેવલ ઉપર મોટી સંખ્યામાં વર્કરો પહોંચી રહ્યા છે. શાહે કહ્યું હતું કે, મુખ્યમંત્રી નિતિશકુમાર અને તેમના સાથી આરજેડીના નેતા લાલુ યાદવ ભાજપને રોકવા માટે તમામ પ્રયાસો કરી રહ્યા છે. તેમની પાર્ટીના ગઠબંધનની રચના કરીને પ્રયાસો કરી



રહ્યા છે. લાલુ અને નિતિશ ભેગા થઈ જશે તો પણ ભાજપ જોરદાર સપાટો બોલાવશે તેવો દાવો શાહે કર્યો હતો. શાહે એમપણ કહ્યું હતું કે, જીરો પ્લસ જીરોનો કોઈ મતલબ રહેતો નથી. નિતિશ અને લાલુએ હાથ મિલાવ્યા છે પરંતુ તેની કોઈ અસર દેખાશે નહીં. ભાજપનો હેતુ રાજયમાં સરકાર બનાવવાનો છે. શાહે એમપણ કહ્યું હતું કે, નિતિશકુમાર બિહારમાં ફરી જંગલરાજ લાવવાના પ્રયાસ કરી રહ્યા છે. પરંતુ ભાજપ તક આપશે નહીં. માત્ર ભાજપ સરકાર જ બિહાર માટે વિકાસ કરી શકે છે. તેમણે ઉમેર્યું હતું કે, રાજયમાં ૯૦ લાખ ભાજપના સભ્યો છે. ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં દરેક ઘરમાં પહોંચવા શાહે ભાજપના સભ્યોને અપીલ કરી હતી.

હરીફો દ્વારા ફેલાવવામાં આવી રહેલા ખોટા પ્રચારને રોકવાની અપીલ કરાઈ હતી. શાહે ઉમેર્યું હતું કે, સમગ્ર દેશમાં વિરોધ પક્ષો મોદી સરકારના જમીનબિલને લઈને ગેરસમજ ઉભી કરવાના પ્રયાસો કરી રહ્યા છે. પરંતુ ભાજપ તમામને ખાતરી આપે છે કે એક ઈંચ પણ જમીન કોર્પોરેટ ગૃહને આપવામાં આવશે નહીં. ગ્રામીણ લોકોના વિકાસ માટે જમીનનો ઉપયોગ કરાશે. રાષ્ટ્રીય વિકાસ માટે જમીનનો ઉપયોગ થશે. ગાંધી મેદાન ખાતે આયોજિત પક્ષના કાર્યક્રમમાં બોલતા રાજનાથસિંહે કહ્યું હતું કે, મોટી સંખ્યામાં લોકોની ઉપસ્થિતિ સાબિતી આપે છે કે ભાજપ ચુંટણીમાં બે તૃતીયાંશ બહુમતિ મેળવી જશે. તેમની જન્મજયંતિએ આંબેડકરને પણ શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. ભાજપ પ્રમુખ અમિત શાહ, કેન્દ્રીયમંત્રી રાજનાથસિંહ, રવિશંકર પ્રસાદ, રાધામોહન સિંહ, રાજીવ પ્રતાપ રુડી, ગિરિરાજસિંહ, સુશીલકુમાર મોદી, નંદકિશોર યાદવ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. આશરે ૬૨ હજાર બુથના દરેકમાંથી ત્રણ-ત્રણ કાર્યકરો પણ આ કાર્યક્રમમાં પહોંચ્યા હતા.

ભાજપ અને કોંગ્રેસ દલિતને મતબેંક તરીકે ગણે છે : માયા

લખનૌ, તા. ૧૪

ઉત્તરપ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને બસપના નેતા માયાવતીએ આજે ભાજપ અને કોંગ્રેસની જોરદાર ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે, આ બન્ને પક્ષો ભારતરત્ન ભીમરાવ આંબેડકરનું અપમાન કરી રહ્યા છે. ૧૨૫મી જન્મજયંતિના પ્રસંગે આંબેડકરને યાદ કરતાં પક્ષના કાર્યકરોને સંબોધતા માયાવતીએ કહ્યું હતું કે, કોંગ્રેસ, ભાજપ અને અન્ય પક્ષોએ ક્યારેય પણ આંબેડકરને સન્માન આપ્યું નહતું. ચુંટણી ચેહરા તરીકે તેમનો ઉપયોગ કરવામાં આવતો હતો. રાજકીયપક્ષો હંમેશા આંબોડકરનો અપમાનિત કરતા હતા. આંબેડકર

જયંતિની ઉજવણી કરીને ભાજપ અને કોંગ્રેસ દ્વારા આંબેડકરને અપમાનિત કરાઈ રહ્યા છે. ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રીએ આક્ષેપ કર્યો હતો કે, કોંગ્રેસે હમેશા આંબેડકરને બાજુમાં રાખવાના પ્રયાસ કર્યા હતા. ચુંટણીમાં તેમની હારના પ્રયાસો કર્યા હતા. તેમણે એમપણ કહ્યું હતું કે, તમામ પાર્ટીઓ વોટ બેંક તરીકે દલિતોનો ઉપયોગ કરી રહી છે. તેમના કલ્યાણ માટે કોઈપણ રાજકીય પાર્ટી દ્વારા કામ કરવામાં આવ્યું નથી. ભ્રષ્ટાચારી અને દલિત વિરોધી સમાજવાદી પાર્ટી સરકાર ઉત્તરપ્રદેશમાં હાલ સક્રિય થયેલી છે. ૨૦૧૭માં રાજ્ય વિધાનસભાની ચુંટણીમાં બસપ સત્તા પર આવશે તેવી વાત પણ માયાવતીએ દાવા સાથે કરી હતી. માયાવતીએ એમપણ કહ્યું હતું કે, રાજ્યના લોકોને કોઈપણ રીતે પોતાની તરફેણમાં કરવાના પ્રયાસ ભાજપ દ્વારા કરાઈ રહ્યા છે. જો સમગ્ર દલિતોને તેમની તરફેણમાં લેવાના પ્રયાસ થશે તો પણ દલિતો તેમની વાતમાં આવશે નહીં. ભાજપ દ્વારા આ દલિતોનો ઉપયોગ મત બેંક તરીકે થઈ રહ્યો છે.

કાશ્મીરી પંડિતોની ઘર વાપસીની માંગ કરાઈ

મુંબઈ, તા. ૧૪

શિવસેનાએ આજે જમ્મુ-કાશ્મીરના વિસ્થાપિત કાશ્મીરી પંડિતોને સન્માનપૂર્વક ઘર વાપસીની તરફેણ કરી હતી. કાશ્મીરી પંડિતોને ૨૫ વર્ષ અગાઉ તેમના ઘરમાંથી બહાર કાઢી મુકાયા હતા. શિવસેનાએ તેના મુખપત્ર સામનામાં જણાવ્યું છે કે, જમ્મુ-કાશ્મીરમાં હવે ભાજપ અને પીડીપીની સ્થિર સરકાર આવી ચુકી છે. કેન્દ્રમાં નરેન્દ્ર મોદીની સરકાર છે. ભાજપના સમર્થનથી જમ્મુ-કાશ્મીરમાં મુફ્તિ મોહમ્મદની સરકાર બની છે. આવા સમયમાં કાશ્મીરી પંડિતોની ઘર વાપસી અંગે યોગ્ય નિર્ણય થવો જોઈએ. શિવસેનાએ કહ્યું છે કે, મુફ્તિ દ્વારા કટ્ટરપંથિઓની મુક્તિ અને કેટલાક વિવાદાસ્પદ નિવેદનથી નવા પ્રશ્નો ઉભા થાય છે. આનાથી શંકા પણ ઉભી થાય છે. કાશ્મીરી પંડિતો માટે અલગ વિસ્તારને લઈને વિચારણા થઈ શકેછે. શિવસેનાની માંગને લઈને પણ રાજકીયપક્ષો પોત પોતાની પ્રતિક્રિયા આપી રહ્યા છે. પાર્ટીએ આક્ષેપ કર્યોછે કે, પાકિસ્તાન સમર્થન અથવા ધાર્મિક આધારે ઉમેદવારોની જીતની ખાતરી કરવા કાશ્મીરી પંડિતોમાં મત અધિકારો કચડી નાખવાના પ્રયાસો કરાયા છે.

મુંબઈમાં ફરી ભીષણ આતંકવાદી હુમલાનો ખતરો : હેવાલમાં દાવો

મુંબઈ,તા. ૧૪

દેશના વાણિજ્ય પાટનગર ગણતા મુંબઈ પર ફરી એકવાર ત્રાસવાદી હુમલાનો ખતરો તોળાઈ રહ્યો છે. ઈન્ટેલિજન્સ એજન્સી દ્વારા માહિતી આપવામા આવ્યા બાદ મુંબઈ પોલીસે સુરક્ષા મજબુત કરી છે. સાવચેતીના તમામ પગલા પણ લેવામાં આવ્યા છે. પાકિસ્તાનની જેલમાંથી વર્ષ ૨૦૦૮ના મુંબઈ હુમલાનો માસ્ટરમાઈન્ડ અને લશ્કરે તોયબાનો કમાન્ડર જાકીઉર રહેમાન લખવીને હાલમાં

મુક્ત કરવામાં આવ્યો છે. પાકિસ્તાનની જેલમાંથી તે છુટી ગયા બાદ હવે હુમલાનો ખતરો તોળાઈ રહ્યો છે. તોઈબાના લોકો હુમલો કરી શકે છે. શહેર પોલીસને ઈન્ટેલિજન્સ દ્વારા મોકલવામાં આવેલા પત્રમાં કહેવામાં આવ્યું છે કે પાકિસ્તાન સ્થિત ત્રાસવાદી સંગઠન વર્ષ ૨૦૦૮ની જેમ જ આઠ-૧૦ ત્રાસવાદીઓને મુંબઈમાં મોકલીને હુમલાને અંજામ આપી શકે છે. આ વખતે પણ દરિયાઈ રૂટ મારફતે જ ત્રાસવાદીઓ ઘુસી શકે છે. તોયબાના શખ્સો હોટેલો, રેલવે સ્ટેશનો અને ફાયનાન્સિયલ હબ પર હુમલો કરી શકે છે. વર્ષ ૨૦૦૮માં પણ દરિયાઈ રૂટ મારફતે પાકિસ્તાની ત્રાસવાદીઓ પહોચ્યા હતા. વર્ષ ૨૦૦૮માં હુમલો કરવામાં આવ્યા બાદથી ભારતીય દરિયાઈ કાંઠા પર સુરક્ષા મજબુત કરવામાં આવી ચુકી છે. પેટ્રોલ વાહનોની ખરીદી પર જંગી નાણાં ખર્ચ કરવામાં આવ્યા હતા. કોસ્ટલ રડાર નેટવર્કની સ્થાપના પણ કરવામાં આવી છે. ગયા સપ્તાહમાં જ ૫૫ વર્ષીય લખવીને જેલમાંથી મુક્ત કરવામાં આવ્યો હતો. તેના ઈશારે અને માર્ગદર્શનથી આ હુમલો કરાયો હતો. તે ફરી એકવાર ખતરનાક યોજના બનાવી શકે છે. વર્ષ ૨૦૦૮માં કરાયેલા હુમલામાં મોટી સંખ્યામાં લોકો માર્યા ગયા હતા. લખવી સામે પાકિસ્તાનમાં ફરી સકંજો જમાવવામાં આવે તે જરૂરી છે. નવેસરના અહેવાલ બાદ સુરક્ષા શહેરમાં મજબુત કરવામાં આવી રહી છે.

ત્રાસવાદને આશ્રય આપનાર પ્રત્યે ગંભીર બનવાની જરૂર છે : મોદી

બર્લિન, તા. ૧૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને જર્મન ચાન્સલર એન્જેલા માર્કેલે સંયુક્ત પત્રકાર પરિષદ યોજીને આતંકવાદનો મુદ્દો ઉઠાવ્યો હતો.

નરેન્દ્ર મોદીએ સાફ શબ્દોમાં કહ્યું હતું કે, આતંકવાદને ટેકો આપનાર દેશોને બિલકુલ અલગ પાડી દેવા જોઈએ. વડાપ્રધાને અગાઉ જુદા-જુદા કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. મોદીએ કહ્યું હતું કે, ગાંધી અને બુદ્ધ જ્યાં જન્મ્યા છે તે ભારત દેશ સંપૂર્ણ શાંતિ ઈચ્છે છે. સંયુક્ત રાષ્ટ્રમાં પણ આતંકવાદને લઈ કઠોર વલણ અપનાવવામાં આવે તે જરૂરી છે. પાકિસ્તાનનો દેખીતી રીતે ઉલ્લેખ કરતા મોદીએ કહ્યું હતું કે, આતંકવાદને ખતમ કરવા સાથે મળીને આગળ વધવાની જરૂર છે. સાથે-સાથે ત્રાસવાદને ટેકો આપનારને અલગ કરી દેવાની જરૂર છે. પરમાણુ હથિયારોને લઈ જે રીતે દુનિયા સંવેદનશીલ છે તે જ રીતે આતંકવાદને લઈને પણ ગંભીર રહેવાની જરૂર છે. આતંકવાદીઓને આશરો આપી રહેલા દેશો પ્રત્યેપણ સંવેદનશીલ અને ગંભીર બનવાનો સમય આવી ગયો છે. આતંકવાદે નવા અને ગંભીર સ્વરૂપ હાંસલ કરી લીધા છે. જેથી આની સામે લડવા સર્વગ્રાહી અને આક્રમક વ્યુહરચનાની જરૂર છે. આતંકવાદ માનવતા અને માનવતાવાદી પરિબળો સામે ખતરનાક ખતરો છે. તેની સાથે મળીને આગળ વધવાની જરૂર છે. બન્ને દેશો સાથે મળીને આગળ વધશે તેવા વિશ્વાસ સાથે તેઓ જર્મનીથી રવાના થશે. ભારત વૈશ્વિક મેન્યુફેક્ચરીંગ હબ બનવાની ક્ષમતા ધરાવે છે. એકમાત્ર ભારત ૩ યુએસપી ધરાવે છે જેમાં ડેમોગ્રાફીક ડિવાઈડેન્ડ, ડેમોક્રેસી અને ડિમાન્ડનો સમાવેશ થાય છે.

સમગ્ર વિશ્વએ હવે ભારત પર નજર કેન્દ્રીત કરી છે. આતંકવાદ સામે મજબુત રીતે લડી રહ્યા છીએ. રિન્યુએબલ એનર્જી અને ઉર્જા અસરકારકતા મહત્વપૂર્ણ પરિબળ છે. આતંરરાષ્ટ્રીય મુદ્દા પર ચર્ચા જરૂરી બની છે. ભારત અને જર્મની બન્ને ક્લાઈમેટચેન્જની સ્થિતિમાં સાથે મળીને કામનો કરવા ઈચ્છુક છે. અમે જર્મની પાસેથી ઘણું શીખી રહ્યા છીએ. સ્કિલ ડેવલોપમેન્ટમાં જર્મની વર્લ્ડ લીડર છે. મેક ઈન ઈન્ડિયા સાથે આમાં પણ આગળ વધી રહ્યા છીએ. જર્મની સાથે સહકાર કરી રહ્યા છીએ. ભારતમાં સિંહ અને જર્મનીમાં બાજ (ગરૂડ)વચ્ચે સારી મિત્રતા થઈ શકે છે. મોદીએ તેમના શાનદાર સ્વાગત બદલ જર્મનીનો આભાર માન્યો હતો.

કમોસમી વરસાદની અસર : પાકને નુકસાન

નવી દિલ્હી,તા. ૧૪

છેલ્લા થોડાક દિવસથી અવિરત થઈ રહેલા વરસાદના કારણે દેશના મોટા ભાગના રાજ્યોમાં પાકને ભારે નુકસાન થયુ છે. જેના પરિણામસ્વરૂપે એકબાજુ ખેડુતોની હાલત કફોડી બનેલી છે. બીજી બાજુ વિવિધ ચીજવસ્તુઓના ભાવમાં જોરદાર વધારો થાય તેવા સંકેત દેખાઈ રહ્યા છે. પ્રાપ્ત અહેવાલ મુજબ તેલંગમા, આંધ્રપ્રદેશ, ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશમાં પાકને ભારે નુકસાન થયું છે. અહેવાલમાં જણાવાયું છે કે આંધ્રમાં આશરે એક લાખ હેક્ટર વિસ્તારમાં પાકને નુકસાન થયું છે. તેલંગણામાં ૧૧૬૨૮ હેક્ટર વિસ્તારમાં પાકને નુકસાન થયું છે. તાજેતરમાં ભારે વરસાદ અને કમોસમી વરસાદના કારણેઆ નુકસાન થયું છે. બન્ને રાજ્યોમાં ઘણી જગ્યાએ ખેડુતો તેમની પેદાશને પહેલાથી જ માર્કેટમાં લઈ ગયા હતા. જો કે વરસાદ સામે રક્ષણ નહી હોવાથી આ પાકને પણ નુકસાન થયું છે. પ્રાથમિક અંદાજમાં દાવો કરવામાં આવ્યો છે કે મોટા પ્રમાણમાં પાકને નુકસાન થયું છે. તેલંગણામાં ડાંગરના પાકને ભારે નુકસાન થયું છે. બાજરા, જુવાર, લીલા ચણાને નુકસાન થયું છે. પોલ્ટ્રી ખેડુતોને પણ નુકસાન થયું છે. ભારે વરસાદના કારણે પોલ્ટ્રીને પણ નુકસાન થયું છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે હજુ પણ વરસાદ થઈ શકે છે. આંધ્રપ્રદેશ સરકારે વરસાદ સાથે સંબંધિત બનોવામા માર્યા ગયેલા લોકોના નજીકના સંબંધીને ચાર લાખના વળતરની જાહેરાત કરી છે. તેલંગણા સરકારે પણ આવા પરિવાર માટે પાંચ લાખના વળતરની જાહેરાત કરી છે. ગુજરાત સહિત મોટા ભાગના રાજ્યો ખેડુતોને મદદની જાહેરાત કરી રહ્યા છે. કારણ કે નુકસાન ખુબ વધારે છે. વિરોધ પક્ષો દ્વારા પણ જોરદાર માંગ વળતરને લઈને કરાઈ રહી છે.



વૈશાખીના પર્વ નિમિત્તે અમૃતસરના સુવર્ણ મંદિર પરિસરમાં શ્રધ્ધાળુઓએ દર્શન માટે ભારે ભીડ જમાવી હતી.

અલગતાવાદી લીડરોની અટકાયત બાદ તંગદિલી

શ્રીનગર, તા. ૧૪

સેના દ્વારા અથડામણમાં શંકાસ્પદ આતંકવાદીઓને ઠાર મારી દેવામાં આવ્યાના એક દિવસ બાદ અલગતાવાદી નેતાઓ યાસિન મલિક અને મસરત અલમની પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી. તેઓ ત્રાલ તરફ આગળ વધી રહ્યા હતા ત્યારે તેમની અટકાયત કરી લેવામાં આવી હતી. અવન્તિપુરમાં આ નેતાઓની અટકાયત કરી લેવામાં આવી હતી. તેમને અટકાયતી કસ્ટડીમાં લઈ લેવામાં આવ્યા છે. તેમના સમર્થકો પૈકીના કેટલાકની પણ અટકાયત સાવચેતીના પગલારૂપે કરી દેવામાં આવી હતી. દક્ષિણ કાશ્મીરના પૂલવામા જિલ્લામાં વન્ય વિસ્તારમાં સેના દ્વારા કેટલાક શકમંદ ત્રાસવાદીઓને ઠાર કરી દેવાયા હતા. મુઝફ્ફરની હત્યા સામે જોરદાર દેખાવો દરમિયાન છ લોકોને ઈજા થઈ હતી. મુઝફ્ફરની દફનવિધી દરમિયાન હિંસા ભડકી ઉઠી હતી. જેના લીધે જોરદાર પથ્થરમારો કરાયો હતો. સુરક્ષાદળોએ ત્યારબાદ ટીયરગેસના સેલનો મારો ચલાવ્યો હતો.

રશિયન પ્રમુખ પુતિન પ્રથમ સ્થાન ઉપર રહ્યા

પ્રભાવશાળી લોકોની યાદીમાં મોદી-કેજરીવાલ સામેલ થયા

નવી દિલ્હી,તા. ૧૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ ટાઈમ મેગેઝિન દ્વારા કરવામાં આવેલા ઓનલાઈન પોલમાં વિશ્વના ૧૦૦ સૌથી પ્રભાવશાળી વ્યક્તિઓમાં સ્થાન મેળવી ગયા છે. રશિયન પ્રમુખ બ્લાદીમિર પુતિનવિજેતા તરીકે ઉભરી આવ્યા છે. તેઓએ અંતિમ ટેલીમાં ૬.૯૫ ટકા મત સાથે પ્રથમ સ્થાન મેળવી લેવામાં સફળતા મેળવી છે. પોપસ્ટાર લેડી ગાગા ૨.૬ ટકા, રિહાના ૧.૯ ટકા, ટેલર સ્વિફ્ટ ૧.૮ ટકા મત સાથે ટોપ ૫માં સ્થાન મેળવી

લેવામાં સફળ રહ્યા છે. ૧૦૦ સૌથી પ્રભાવશાળી લોકોની સત્તાવાર યાદી આ સપ્તાહમાં મોડેથી જાહેર કરાશે. ટાઈમ એડીટર્સે રિડરોને તેમના ઓનલાઈન મત આપવા કહ્યું હતું. આમાં રાજકારણ, મનોરંજન, બિઝનેસ, ટેકનોલોજી, વિજ્ઞાન અને ધર્મ સાથે સંબંધિત હસ્તીઓને આવરી લેવાઈ હતી. નરેન્દ્ર મોદી ૦.૬ ટકા મત મેળવી ગયા છે. ટાઈમે કહ્યું છે કે, લોકપ્રિય નેતાઓની યાદીમાં આ લોકો સામેલ રહ્યા છે. અરવિંદ કેજરીવાલને ૦.૫ ટકા મત મળ્યા છે. ૭૧ ટકા મતદારોએ યાદીમાં તેમનો સમાવેશ કરવા કહ્યું હતું. કેજરીવાલની યાદીમાંપ્રશંસા કરાઈ છે. આમાં જણાવાયું છે કે, ટૂંકા ગાળાની અંદર જ તેઓએ દિલ્હીમાં મજબુત સ્થિતિ મેળવી છે. યાદીમાં રહેલા અન્યોમાંહિલેરી ક્લિન્ટન, દલાઈ લામા, હેરીપોટરની સ્ટાર અભિનેત્રી એમા વોટ્સન, નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા મલાલા, પોપ ફ્રાન્સિસ, ઓબામા, મિશેલ ઓબામા, ફેસબુકના સીઈઓ માર્ક જુકરબર્ગ, એપલના સીઈઓ, ટીમકુક, ચીની પ્રમુખ જિનપિંગનો સમાવેશ થાય છે. આ યાદીમાં ભારતીય મૂળના તબીબ વિવેક મુર્તિનો પણ સમાવેશ કરાયો છે. યાદીમાં સત્ય નાડેલાનો પણ સમાવેશ થાય છે. જે ભારતીય મૂળના માઈક્રોસોફ્ટના અધિકારી છે. યાદીમાં રેપર કાનિયે વેસ્ટ, મીડિયા સમ્રાટ ઓપરા વિન્ફ્રે, યાહુના સીઈઓ મેરીસા માયર પણ સામેલ છે. આમાંથી કેનેડા, અમેરિકા અને યુકેમાંથી વધુ લોકોએ મત આપ્યા હતા.

સત્યમ કેસ : રાજુ , અન્યોની ચુકાદા સામે આખરે અપીલ

હૈદરાબાદ,તા. ૧૪

સમગ્ર દેશને હચમચાવી મુકનાર સત્યમ કોંભાડ કેસમાં આરોપી સત્યમ કોમ્પ્યુટરના સ્થાપક બી. રામાલિંગા રાજુ અને અન્ય સાત આરોપીએ આકરે ટ્રાયલ કોર્ટના ચુકાદા સામે અપીલ કરી દીધી છે. ટ્રાયલ કોર્ટે તમામ આરોપીને સાત સાત વર્ષની જેલની સજા ફટકારી હતી. તમામ આરોપી દ્વારા મેટ્રોપોલિટન સેશન કોર્ટમાં ટ્રાયલ કોર્ટના ચુકાદા સામે અપીલ કરી દીધી છે. આ મામલે ૧૫મી એપ્રિલના દિવસે મામલામાં સુનાવણી હાથ ધરાશે. નવમી એપ્રિલના દિવસે સત્યમ કોમ્પ્યુટર સર્વિસ લીમિટેડમાં કરોડો રૂપિયાના એકાઉન્ટિંગ કૌભાંડમાં તપાસ કરનાર ખાસ અદાલતે તેનો ચુકાદો જાહેર કર્યો હતો.કોર્ટે કંપનીના સ્થાપક રામલિંગા રાજુ સહિત ૧૦ને અપરાધી જાહેર કર્યા હતા અને સત્યમના સ્થાપક બી રામાલિંગા રાજુને સાત વર્ષની જેલની સજા ફટકારી હતી. સાથે સાથે પાંચ કરોડનો જંગી દંડ પણ ફટકારવામાં આવ્યો હતો. રાજુ અને તેમના ભાઈ બી રામારાજુને પણ પાંચ કરોડનો દંડ કરાયો હતો. આઠ અન્ય આરોપીઓને ખાસ અદાલતે ૨૫-૨૫ લાખનો દંડ ફટકાર્યો હતો. તમામ આરોપીઓને સાત વર્ષની સજા ફટકારવામાં આવી હતી. રાજુ પહેલાથી જ જેલમાં ૩૨ મહિના રહી ચુક્યા છે.

અગાઉ રાજુ અને અન્ય નવને કોર્ટે અપરાધી ઠેરવ્યા હતા. રાજુ ઉપરાંત તેમના ભાઈ સૂર્યનારાયણ રાજુ, પૂર્વ ઈન્ટરનલ ચીફ ઓડિટર બીએસ પ્રભાકર ગુપ્તા સિવાય અન્ય આઠને આઈપીસીની કલમ ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૭૭એ હેઠળ દોષિત ઠેરવવામાં આવ્યા હતા. રામાલિંગા રાજુ અને તેમના ભાઈ અને સત્યમના પૂર્વ મેનેજિંગ ડિરેક્ટર બી રામારાજુ વિશ્વાસભંગ સાથે સંબંધિત આઈપીસીની કલમ ૪૦૯ હેઠળ દોષિત ઠેરવવામાં આવ્યા હતા. આ સમગ્ર મામલો સાતમી જાન્યુઆરી ૨૦૦૯ના દિવસે સપાટી પર આવ્યો હતો. છ વર્ષ અગાઉ ટ્રાયલ શરૂ થઈ હતી. ટ્રાયલ દરમિયાન ૨૨૬ સાક્ષીની ચકાસણી કરવામાં આવી હતી. કેસમાં સીબીઆઈ દ્વારા તપાસ કરાઈ હતી. દેશના સૌથી મોટા એકાઉન્ટિંગ કૌભાંડમાં ટ્રાયલ ૮મી નવેમ્બર ૨૦૧૦ના દિવસે શરૂ થઈ હતી. આ ટ્રાયલ ૨૪મી જૂન ૨૦૧૪ના દિવસે પૂર્ણ થઈ હતી. આશરે છ વર્ષ સુધી ટ્રાયલ ચાલ્યા બાદ ચુકાદો અપાયો હતો. હવે ટ્રાયલ કોર્ટના ચુકાદા સામે હૈદરાબાદ કોર્ટમાં અપીલ થઈ છે.

સમાચાર ઝલક

- સાળંગપુરના સ્વામિનારાયણ મંદિરમાં આંતર રાષ્ટ્રીય સંસ્કૃત પાઠશાળા બનશે. વિદેશથી સંસ્કૃતના અભ્યાસ અર્થે આવશે.
- દ્વારકામાં દ્વારકાધીશ મંદિરમાં ૬ કીલો સોનાના વાસણો ભકતે ભેટ આપ્યા.
- ઉત્તર ગુજરાતમાં સ્ટેમ્પ પેપરોની તંગી સર્જાઈ.
- અમદાવાદમાં મેટ્રોપોલીટીન કોર્ટમાં વકીલનું બાઈક સળગ્યું.
- ગુજરાતમાં એસ.ટી.ની કાયાપલટ કરાશે. ઓગષ્ટ સુધીમાં ૨૫૦ એસ.ટી.ઓ આવશે.
- સુરતના ઉધના વિસ્તારમાંથી ૨૪ વર્ષની યુવતીનું અપહરણ. બહેનપણીને સમાચાર આપીને અપહરણની જાણ કરાઈ.
- યુપીએસસી પરીક્ષામાં ગુજરાતના ૪૮ ઉમેદવારો પાસ થયા.
- મહારાષ્ટ્રના ખંડવામાં નદીના પાણીમાં ઉભા રહી કિસાનોએ સત્યાગ્રહ શરૂ કર્યો.
- જાપાનની બેંકમાં મેનેજરની સેવાઓ રોબટ દ્વારા લેવાશે.
- દેશમાં ૮૦ ટકા ખેડૂતો નથી ઉતારતા પાકનો વીમો.